જીરવાનાથી

ક્રમાંક: જી-૧(ક્રાઇમ)/એમસીઆર કાર્ડ/૫૨૫-૯૦૭/૦૯/૩૫૪૨

પોલીસ મહાનિદેશક અને
મુખ્ય પોલીસ અધિકારીની કચેરી,
ગુજરાત રાજ્ય, પોલીસ ભવન,
સેકટર-૧૮, ગાંધીનગર-૩૮૨ ૦૧૮

તા. ૨૫/૮/૨૦૦૯

**<u>સ્થાયી હુકમ નં. ૭/૦૯</u>**

**એમ. સી. આર. કાર્ડ ધરાવતા સક્રિય ગુનેગારોનું લીસ્ટ બનાવી ચેક કરવા બાબત.**

મિલકત વિરૂધ્ધના ગુનાઓના આરોપીઓ પકડાય ત્યારે તેઓના એમસીઆર કાર્ડ ખોલવામાં આવે છે. જેથી ભવિષ્યમાં બનતા ગુનાઓ બાબતમાં તેમની સંભવીત સંડોવણીની ચકાસણી થઇ શકે. અમુક એમસીઆર કાર્ડવાળાઓ વૃધ્ધ કે અપંગ થઇ ગયા હોય છે અને ગુનો કરવા માટે સક્ષમ નથી હોતા. અમુક એમસીઆર કાર્ડવાળાઓ સંજોગોના કારણે એક જ વાર ગુનો કરેલ હોય અને તેમનું કૌટુંબિક બેકગ્રાઉન્ડ વિગેરે જોતાં બીજીવાર ગુનો કરવાની સંભાવના હોતી નથી તથા ભૂતકાળમાં ટેકનીકલ ગુનાના પણ એમસીઆર કાર્ડ ખોલવામાં આવેલા છે. આવા ઇસમો ભવિષ્યમાં ગુનો કરવાની શકયતા ન હોવા છતાં યાંત્રીક રીતે સજેશનો નીકળવાના કારણે દરેક ગુનામાં તેઓને ચેક કરવામાં આવે છે. જેના કારણે સમય વેડફાય છે.

૨. આ સમયનો ઉપયોગ સક્રિય એમસીઆર કાર્ડવાળાને ચેક કરવામાં વાપરી શકાયો હોય સક્રિય એમસીઆર કાર્ડવાળાની પ્રવૃત્તિ પર વોચ રાખવાથી તથા તેઓના ફોટા પોલીસ કર્મચારીઓને આપવામાં આવે તેઓની પેટ્રોલિંગ દરમિયાન કે તપાસ દરમિયાન ચેક કરવામાં આવે તો ગુના બનતા અટકાવી શકાય છે.

૩. આથી તમામ થાણા ઇન્ચાર્જશ્રીઓને સૂચના આપવામાં આવે છે કે થાણાના તમામ એમસીઆર કાર્ડવાળા ઇસમોનું તેમના રહેઠાણના વિસ્તારના આધારે વર્ગીકરણ કરવું તથા દરેક કર્મચારી (ઓફિસ સ્ટાફ તથા મહિલા કોન્સ. સહિત) જાતે દર અઠવાડિયે એક એમસીઆર કાર્ડવાળા ઇસમ ચેક કરવા માટેના નામ આપવા જે તેઓ તેમની અનુકુળતાએ ચેક કરશે. શકય હોય ત્યાં વિસ્તારમાં નજીક નજીક રહેતા ઇસમોનું ચેકિંગ એક કર્મચારીને આપવું. પોલીસ ચોકીના પોલીસ કર્મચારીઓ પોલીસ ચોકીના ગુનેગારોને ઓળખે તે સારૂ પોલીસ ચોકી વિસ્તારમાં રહેતા અથવા પો. ચોકી વિસ્તારમાં ગુનો કરેલ હોય તેવા એમસીઆર કાર્ડવાળા શકય ત્યાં સુધી તેમના ધ્વારા ચેક કરાવવાં.

૪. એમસીઆર કાર્ડવાળા ઇસમોને ચેક કરી આ સાથે સામેલ ફોર્મ ભરવાનું રહેશે જેમાં તેના કુટુંબની વિગતોનો પણ સમાવેશ થાય છે. જે કુટુંબની વિગત એટલા માટે મહત્વની છે કે દા.ત. કોઇ અપરણિત એમસીઆર કાર્ડવાળાનો ગુનો બન્યા બાદ કોઇ સારા ઘરની સ્ત્રી સાથે લગ્ન થયેલ હોય અથવા તો તેના સાસરીયા સુખી હોય અને તેમના સાથ સહકારથી તે સારી નોકરી ધંધે લાગી જતાં ગુનાકીય પ્રવૃત્તિ છોડી દીધી હોય એ જ રીતે કોઇ એમસીઆર કાર્ડવાળા ઇસમના બાળકો સારી શાળામાં ભણતા હોય તો ગુનાકીય પ્રવૃત્તિની સંભાવના ઓછી રહે છે. જે ઇસમના ભણવા લાયક ઉંમરના બાળકો ભણતા ન હોય અને રખડતા હોય તેવા ઇસમો ગુનાકીય પ્રવૃત્તિ કરતા હોવાની સંભાવના વધુ રહે છે. તે જ રીતે સારી આવકની નોકરી ધંધો કરતા ઇસમો ગુનો કરતા હોવાની સંભાવના ઓછી છે.

૫. વિશેષ નોંધના કોલમમાં "સક્રિય ઇસમ" ની ગુનાહિત પ્રવૃત્તિ તેના સાગરીતો તેમના સરનામાં વગેરે માહિતીનો સમાવેશ કરવો તે જ રીતે "નિષ્ક્રિય ઇસમ" હાલમાં સારા પગારની નોકરી કરે છે. ગુનાહિત પ્રવૃત્તિ કરતો નથી જેવા સ્પષ્ટ રિમાર્કસ ફોર્મમાં આપવા.

૬. નજીકના છેલ્લા વર્ષના એમસીઆર કાર્ડવાળા પહેલાં ચેક કરવા તે જ રીતે પો.સ્ટે. ની નજીકમાં રહેતા એમસીઆર કાર્ડવાળાને પહેલા ચેક કરવા જે પો.સ્ટે. માં એમસીઆર કાર્ડ ખોલ્યું હશે તે જ પો.સ્ટે. ચેક કરશે. જયાં રહેતા હોય તે પો.સ્ટે. માં યાદી લખવી નહીં.

૭. ચેક કરેલા એમસીઆર કાર્ડવાળા ઇસમોને તેમની પ્રવૃત્તિ ઇતિહાસ વિગેરેના આધારે નીચેના સાત વર્ગોમાં વહેંચવાના રહેશે.

(એ) મૃત

(બી) ૬૦ વર્ષથી વધુ વયના

**નોંધ:** ૬૦ વર્ષથી વધુ વયના હોય પરંતુ સક્રિય હોય તો આ વર્ગમાં તેમનો સમાવેશ થશે નહીં.

(સી) અપંગ અથવા અસાધ્ય રોગી કે જેઓ ગુનો કરી શકવા સક્ષમ નથી.

(ડી) એક જ વખત ગુનો કરનાર કે જે સંજોગોના કારણે ગુનો કરેલ હોય અથવા તો કોઇની સાથે હોવાના કારણે પકડાયેલ હોય અને ગુનાના સમયથી સમાજમાં સ્વમાનભેર જીવતા હોય.

(ઇ) છેલ્લા ૧૦ વર્ષમાં ગુનો કરેલ નથી તેવા નિષ્ક્રિય ગુનેગારો.

(એફ) છેલ્લા ૧૫ વર્ષમાં ગુનો કરેલ નથી તેવા નિષ્ક્રિય ગુનેગારો.

(જી) સક્રિય ગુનેગારો

**નોંધ:** (૧) આ ગુનેગારો એવા ગુનેગારો છે કે જેઓ દેખીતું કોઇ કામ ધંધો કરતા નથી અથવા તો દેખીતી આવકનું સાધન નથી અને તેમની પ્રવૃત્તિ ઉપર વોચ રાખવાથી ગુનાઓ શોધાવવાની અથવા તો અટકાવવાની સંભાવના છે.

(૨) આવા ગુનેગારોએ પોતાનું રહેણાંકનું સ્થળ બદલ્યું હોવાની સંભાવના છે. આથી જેઓ ગુના સ્થળે મળી આવતા ન હોય તેવા ઇસમો "મળી આવતાં નથી" તેવી નોંધ કરી પૂર્ણવિરામ કરવાની જગ્યાએ તેવા ઇસમો ઉપર વધુ ધ્યાન કેન્દ્રિત કરી પ્રયાસ કરી તેઓને શોધી કાઢવા.

૮. આ કાર્યવાહી થાણાના તમામ એમસીઆર કાર્ડ ચેક ન થઇ જાય ત્યાં સુધી ચાલુ રાખવાની છે અને <u>દર મહિને નીચેના કોલમમાં કાઇમ રિવ્યુ સાથે માહિતી મોકલવાની રહેશે.</u>

(૧) પો.સ્ટે. નું નામ:

(૨) પો.સ્ટે. ના કુલ એમસીઆર કાર્ડ:

(૩) ચેક કરવાનાં એમસીઆર કાર્ડની સંખ્યા:
(પો.સ્ટે. નું હાજર મહેકમ X ૪)

ચેક કરેલ:

(એ) મરણ ગયેલાની સંખ્યા:

(બી) ૬૦ વર્ષની ઉપરના નિષ્ક્રિયની સંખ્યા:

(સી) અપંગ અને અસાધ્ય રોગી:

(ડી) સંજોગોવસાત એક જ વાર ગુનો કરવાવાળાની સંખ્યા:

(ઇ) છેલ્લા ૧૦ વર્ષમાં ગુનો કરેલ નથી તેવા નિષ્ક્રિય ગુનેગારો.

(એફ) છેલ્લા ૧૫ વર્ષમાં ગુનો કરેલ નથી તેવા નિષ્ક્રિય ગુનેગારો.

(જી) સક્રિય ગુનેગારો.

૯. આ રીતે ચેક કરનાર કર્મચારી સાથે ફોર્મમાં ભરવામાં આવેલી વિગતો બાબતે થાણા ઇન્ચાર્જ જાતે ચર્ચા કર્યા બાદ જ ઉપરોક્ત વિગતો તથા ફોર્મ મોકલી આપવા ( જે સારૂ કર્મચારીઓએ ચેકિંગની કામગીરી **<u>તા. ૧-૯-૦૯ થી શરૂ કરી ૩૦-૧૧-૦૯ સુધીમાં</u>** પૂર્ણ કરી ફોર્મ જમા કરાવવા જેથી થાણા ઇન્ચાર્જને ચર્ચા માટેનો સમય મળે.)

૧૦. પો.સ્ટે. ના દરેક કર્મચારીઓ ભાગ લે તથા ઝડપથી મોટી સંખ્યામાં એમસીઆર કાર્ડવાળા ચેક થાય તે માટે દરેક કર્મચારી પાસે ચેક કરવાની ઉપર મુજબની વ્યવસ્થા ગોઠવેલ છે. છતાં પણ થાણા અધિકારી તે સિવાય બીજી રીતે વ્યવસ્થા કરવા માંગતા હોય તો તેની તેમને છૂટ છે. પરંતુ તેઓએ થાણાના બધા જ એમસીઆર કાર્ડવાળા ચેક થઇ જાય ત્યાં સુધી દર માસે હાજર મહેકમના ચાર ગણાં એમસીઆર કાર્ડવાળા ચેક કરવાના રહેશે.

૧૧. ઉપરાંત થાણા અધિકારી અને એસીપીશ્રીઓએ પણ દર મહિને પાંચ એમસીઆર કાર્ડવાળાને ચેક કરી પોલીસ કર્મચારીઓએ ચેક કર્યાની હકીકત સાચી છે કે કેમ તેની ખરાઇ કરવી. ખોટી હકીકત ભરનાર વિરૂદ્ધ ખાતા રાહે પગલાં લેવા તથા સક્રિય ગુનેગારોની પ્રવૃત્તિ ઉપર વોચ રાખી ગુનાઓ શોધવા તથા અટકાવવા પ્રયત્ન કરવો.

૧૨. એક જ વખત ગુનો કરેલ હોય અને નિષ્ક્રિય હોય (કેટેગરી-ડી) તેમજ જે એમ.સી.આર. કાર્ડવાળા છેલ્લા ૧૦ વર્ષથી ગુનો કરેલ નથી (કેટેગરી-ઇ) તેમનું કાર્ડ ડોરમેન્ટ રાખવું. મૃત્યુ પામેલા (કેટેગરી-એ) ૬૦ વર્ષથી વધુ વયના અને નિષ્ક્રિય(કેટેગરી-બી) અપંગ અથવા અસાધ્ય રોગી (કેટેગરી-સી) છેલ્લા ૧૫ વર્ષથી ગુનો કરેલ નથી (કેટેગરી-એફ) તેવા ગુનેગારોનું કાર્ડ નાશ કરવું.

૧૩. નાયબ પોલીસ કમિશનરશ્રી (ઝોન)/પોલીસ અધીક્ષકશ્રી અને એસીપીશ્રી (ડિવીઝન)/વિભાગીય પોલીસ અધિકારીશ્રી ઉપરોક્ત સૂચનાઓનો અમલ ચુસ્તપણે થાય છે તે અંગે કાળજી અને ચકાસણી રાખશે. ઉપરોક્ત સૂચનાઓનો અમલ ઢીલી રીતે થશે તો એસીપીશ્રી (ડિવીઝન)/વિભાગીય પોલીસ અધિકારીશ્રીને સીધી રીતે જવાબદાર ગણવામાં આવશે.

૧૪. તમામ સક્રિયપણે અમલ કરવા નોંધ લેવી.

**બિડાણ:** પાના નં. ૧ થી ૨

**(એસ. એસ. ખંડવાવાલા)**
પોલીસ મહાનિદેશક અને
મુખ્ય પોલીસ અધિકારી, ગુ. રા., ગાંધીનગર

પ્રતિ

- તમામ પોલીસ કમિશનરશ્રીઓ
- તમામ રેન્જ વડાશ્રીઓ.
- તમામ પોલીસ અધીક્ષકશ્રીઓ (વે. રેલવે, વડોદરા સહિત)

**<u>નકલ રવાના (જાણ સારૂ):</u>**

- તમામ અધિક પોલીસ મહાનિદેશકશ્રીઓ
- તમામ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ.
- તમામ નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ.
- રેકર્ડ શાખા, અત્રેની કચેરી

૨- સ્થાયી હુકમ/પરિપત્ર/ઠરાવની ફાઇલમાં રાખવા સારૂ.

૩. આ સ્થાયી હુકમની નકલ તમામ પો. સ્ટે./શાખા/ચોકી/આઉટ પોસ્ટમાં સરક્યુલેટ કરીને તેની નકલ પહોંચની અવેજમાં અત્રેની કચેરીને મોકલવા સૂચના છે.

**(સુધીર સિન્હા)**
અધિક પોલીસ મહાનિદેશક
(કાયદો અને વ્યવસ્થા), ગુ. રા., ગાંધીનગર
25.8.05.

પત્રક-૧

એમ.સી.આર. કાર્ડવાળા ઈસમોની તપાસ અહેવાલ

(૧) એમ.સી.આર. કાર્ડ નં. :- (એમ.ઓ.બી. નંબર)

(૨) નામ :-

(૩) તપાસ કરનાર અધિકારી/કર્મચારીનું નામ હોદો :-

(૪) તપાસ કર્યાની તારીખ/સમય :-

(૧) નામ (ઉપનામ સાથે) :-

(૨) સરનામા : (એકથી વધારે હોય તો પણ લખવા)

(૩) કૌટુંબીક વિગતો :-

(૧) પત્ની : (નામ/ઉંમર/પિયરની વિગત સાથે)

(૨) સંતાન : (નામ/ઉંમર/ભણતર/ધંધો વિગેરે)

(૪) પ્રવૃત્તિ :-

(૧) ધંધો : (જગ્યા/પગાર/નોકરીની વિગત)

ધંધાનું સ્થળ :-

પગાર :-

નોકરીની વિગત :-

(૫) ગુનાહીત ઈતિહાસ : (અગાઉ દાખલ થયેલ ગુનાઓ)

(૬) હાલની ગુનાહિત પ્રવૃત્તિ :-

(૭) વિશેષ નોંધ : (એમના/ગુનેગાર સાથીઓ બાબતે કોઈપણ વિશેષ વિગત) (સુધરી ગયેલ હોયતો તે વિગત)

(૮) આરોપીના એમ.સી.આર. કાર્ડમાં ક્યાં ક્યાં અન્ય નામો હતા. (મિત્રો, સાગરીતો, તે જ્યાં નોકરી કરતો હોય, રહેતો હોય તે વ્યક્તિઓ વિગેરે) તેમનું સરનામું.

(૯) તે પૈકી કયા કયાને તપાસ્યા નામ, હાલનું સરનામું

(૧૦) તેઓએ શી-શી હકીકત જણાવી (દરેક સાહેદની વિગત અલગ અલગ પાના પર આપવી)

(એમ.સી.આર. કાર્ડ ધારકની સહી) (ચેક કરનારની સહી)



પત્રક - ૨

પોલીસ સ્ટેશનમાં સને ૧૯૬૩ થી ખોલવામાં આવેલ આરો

| અ.નં. | ગુ.ર.નં. | કલમ | પોલીસ સ્ટેશન રેફ. નંબર | શહેર એમ.ઓ.બી. નંબર | આરોપીનું નામ | છેલ ત્ય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | |
| | | | | | | |